# પ્રાંતીયાના મંદિરેથી પુજારીનું અપહરણ કરી જનાર પૂર્વ સેવીકા સહીત બે ઝડપાયા

## ૧૪ વર્ષ સાથે રહ્યા હોવાથી પત્નિ તરીકેનો દરજ્જો આપી મિલ્કતમાં ભાગ આપવા માંગણી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીકના પ્રાંતીયા ગામમાં સ્થિત જોગણીમાતાના મંદિરે સવારે ૮ વાગે રાજસ્થાનથી પુર્વે સાધિકા બાલજનાથ ઊર્ફે ઓગમી અને ભત્રીજો ભૈરવનાથ માણસો લઈને આવ્યા અને વૃદ્ધ પુજારી લાડુનાથ સાથે મારઝુડ કરીને મંદિરમાં તોડફોડ કરી અપહરણ કરી ગયા હતા. ડભોડા પીએસઆઈ ક્લાસવા રાજસ્થાનથી બન્ને આરોપીઓને ઉઠાવી લાવ્યા છે અને ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતાં કોર્ટે ભૈરવનાથના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. મળતી માહિતી મુજબ પૂર્વ સાધિકા ઓગમી ૧૪ વર્ષ સુધી પુજારી સાથે રહી છે તેથી પત્નિ તરીકેનો દરજ્જો આપી મિલ્કતમાં હિસ્સો આપવા ઓગમીની માંગણી હોવાનું જાણવા મળ્યું છે.

# ડીએસપી કચેરી ખાતે આવતીકાલે કારકિર્દી ઘડતર અંગે સેમીનાર

ગાંધીનગર, તા. ૬

૮મી ઓગસ્ટ મહિલા શિક્ષણ દિવસ સંદર્ભે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા ડીએસપી કચેરી ખાતે સવારે ૧૦ થી ૧૨ વચ્ચે કેરીયર ઓરીયેન્ટેડ મહત્વના કાર્યક્રનું આયોજન કરે છે. ગાંધીનગરની વિવિધ કોલેજોમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી યુવતીઓને કારકિર્દી ઘડતર અંગેના મુંઝવતા પ્રશ્નોના નિરાકરણ માટે આ સેમિનારનું આયોજન ડીએસપી કચેરી ખાતેના તાલીમ કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં રેન્જ આઈજીપી રાજીવ રંજન ભગત પણ ઉપસ્થિત રહેશે. કારકિર્દી ઘડતર અંગેની માહિતીઓ આપવા વિશેષ તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવ્યા છે.

# તલોદ કોલેજમાં સ્ત્રી શસક્તિકરણ તાલીમ યોજાઈ

તલોદ, તા. ૬

તલોદની એ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજમાં રાજ્ય સરકારના ‘સુરક્ષાસેતુ’ અન્વયે સેલ્ફ ડિફેન્સ તાલીમ કાર્યક્રમ નાયબ પોલીસ અધિક્ષક જ્યોતિ પંકજ પટેલના નેતૃત્વમાં યોજાયો હતો. આ તાલીમ કાર્યક્રમમાં કોલેજમાં અભ્યાસ કરતી ૨૦૦ જેટલી બહેનોએ સ્વૈચ્છિક ઉમળકાભેર ભાગ લીધો હતો. અને સાત દિવસની જુદા જુદા ડિફેન્સ તાલીમ પૂર્ણ કરી હતી. તેમાં ચાર બહેનોની જિલ્લા સ્તરે ડિફેન્સ તાલીમ માટે પસંદગી કરવામાં આવી.

આ પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ. જે.સી. પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે વર્તમાન સમયમાં દિન-પ્રતિદિન સ્ત્રી જાતિ પર થતાં જાતિય શોષણ અને માનસિક અત્યાચારો અને મહિલા ઉપેક્ષા કે અવગણનાની સામે સ્વરક્ષણ માટેની આ તાલીમ ખૂબ જ આશિર્વાદરૂપ નીવડશે. બહેનો નીર્ભિક બનીને સમાજની બદીને ઉજાગર કરશે તો આપોઆપ સુરક્ષાનો અહેસાસની અનુભૂતિ થશે. ને સમાજમાં તંદુરસ્ત સમાજ વ્યવસ્થાનું નિર્માણ થશે.


આ પ્રસંગે મહિલા અધિક્ષક જ્યોતિ પંકજ પટેલે વિદ્યાર્થીનીઓને સુરક્ષાની તાલીમમાં જોડાવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. અને જીવનમાં દઢતા, નીડતરા અને કર્મઠતા દાખવવા અનુરોધ કર્યો હતો. જ્યારે બહેનોને સ્વબચાવ અંગેની પ્રેક્ટીકલ તાલીમ ઈન્સ્પેક્ટર દિનેસભાઈ સકસેના, દિલીપભાઈ ચૌહાણ અને અર્જુનભાઈ ગુરખાજીએ આપી હતી.

આ કાર્યક્રમનું સુંદર સંચાલન પ્રો. ડૉ. કે.એમ. ડિંડોર, પ્રો. એમ.બી. પટેલ અને ડૉ. જે.બી. પટેલે કર્યું હતું. જ્યારે સમાપન ડૉ. કે.બી. ચૌધરીએ કર્યું હતું.

# અવસાન નોંધ

સ્વ. રણછોડભાઈ સી. વાઘેલા (બેન્કર, આર.સી.)નું અવસાન તા. ૫-૮-૨૦૧૪ના રોજ થયેલ છે. તેમની લૌકિક ક્રિયા તા. ૭, ૮, ૯, ૨૦૧૪ (ગુરૂવાર, શુક્રવાર તથા શનિવાર)ના રોજ ૩૦, ગણપત હાઉસીંગ સોસાયટી, સિવિલ હોસ્પિટલ સામે, શાહીબાગ, અમદાવાદ ખાતે રાખેલ છે.

## શબ્દાવલી - ૫૪૭૦



### આડી ચાવી

૧. બહુ પગપાળુ એક જીવડું(૫)
૩. ... રકાબી, પ્યાલો (૨)
૫. લાગણી, સંવેદના (૪)
૭. ખુબ બળવાળુ (૪)
૧૦. ડબો, નાનો જબરો (૩)
૧૧. ઓડકાર (૩)
૧૨. ના ના કરવી તે (૪)
૧૪. ગુમડા પર ચોપડવાની દવા (૩)
૧૭. હેરાનગતિ, પજવવું તે(૪)
૧૮. ઢોરનું છાણ-મુતર વગેરે કચરો સાફ કરવો તે (૩)
૧૯. ખુબ લાંબુ, લંબુજી (૨)
૨૦. દુઃખ-દર્દ (૨)
૨૧. મુખવાસમાં લોકો.... નું પાન ખાય (૫)

### ઊભી ચાવી

૧. બામલાઇ, બગલમાં થતું ગુમડું(૫)
૨. હંમેશા, નિત્ય (૨)
૩. માંસના બજીયા (૩)
૪. પાતળુ (૩)
૬. ચેતન ના હોય તેવું (૨)
૮. વાટકા, કટોરા (૩)
૯. ‘ના’ માં જવાબ આપવો(૩)
૧૩. પગથી માથા સુધી (૪)
૧૪. બેબસ, લાચાર (૪)
૧૫. શ્રીરામનો પુત્ર, કુશનો ભાઇ (૨)
૧૬. કિંમતી પથ્થર, રત્ન (૨)
૧૭. ખાટલો, પાટ (૩)
૧૮. ચડસાચડસી (૨)

## શબ્દાવલી ૫૪૬૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) કાતરા (૪) ચાપલુસી (૬) બુટલેગર (૮) કોફતા (૯) ઇશ્ક (૧૦) ચપ્પુ (૧૨) પતઝડ (૧૫) પાડો (૧૬) ગતીમાન (૧૮) જેલસ (૧૯) તહ (૨૦) ખીણ (૨૧) મદ

**ઊભી ચાવી :-** (૧) કાબુલીચણા (૨) તટ (૩) રાલેકો (૪) ચારતા (૫) લુગાઇ (૭) ગફલત (૧૧) પડતી (૧૨) પડોસણ (૧૩) ઝગડાલુ (૧૪) અનહદ (૧૫) પાલખી (૧૭) માતમ



**સ્કુલ ઓફ એચિવરે મોન્સુન ફેસ્ટિવલ ઉજવ્યો**

કુડાસણમાં આવેલ સ્કુલ ઓફ એચિવરના અંગ્રેજી મિડિયમ વિભાગ દ્વારા ગીત સંગીત સાથે મોન્સુન ફેસ્ટિવલની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના ગાર્ડનમાં કૃત્રિમ વરસાદનો માહોલ બનાવી વિવિધ વેશભુષામાં બાળકોએ નૃત્ય કરી માણ્યો હતો. વિદ્યાર્થીઓ, અષાઢી મેઘમાં મોરલા ટહુકતા હોય અને દેડકા ગુટરગુ કરતા હોય તેમ મન મૂકીને વેશ ધારણ કરી નાચ્યા હતા. આ ઉપરાંત વર્ષાઋતુના ગીતોની અને સાથે સથે બાળકોએ બનાવેલ ખાણી પીણીના સ્ટોલમાંથી મોન્સુન સ્પેશ્યલ ભજીયા, મકાઈ ને આરોગી હતી. કાર્યક્રમમાં ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલ સહિત શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

# ધાનેરામાં સ્કૂટરની ડીકીમાંથી રૂ.૨ લાખની દિલધડક ઉઠાંતરી

ધાનેરા, તા.૫

બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર ધાનેરા પંથકમાં ઘણા સમયથી ચોરી, લૂંટ, છેતરપીંડીના બનાવો સાથે દેશી-વિદેશી શરાબ, જુગારની બદીએ માઝા મુકી છે. ધાનેરાના ડેડુઆ દૂધ મંડળી વાળાના રૂપિયા ૧૮ લાખની ચીલ ઝડપના નિષ્ફળ પ્રયાસની શાહી પણ અખબારોમાં સુકાઈ નથી ત્યાં આજે વધુ એક વેપારીના રૂપિયા ૨ લાખની સફળ લૂંટનો બનાવ બનતા ધાનેરાવાસીઓ તસ્કરો-ઢગોના ત્રાસથી ભયની લાગણી અનુભવા લાગ્યા છે.

ધાનેરાની આ સનસનાટીભરી લૂંટમાં એક વેપારી વિપુલ પરશુરામ ઠકકર તેમની ઉઘરાણીએ નીકળેલ તે દરમિયાન તેમની સ્કુટરની ડીકીમાંથી રૂપિયા ૨ લાખ જેટલી રોકડ પડી હતી. એક જગ્યાએ તેઓ શરતચૂકથી સ્કૂટરની ચાવી લટકતી રાખીને ઉઘરાણીએ જતા તસ્કરોએ ‘નસીબ’નો ફાયદો ઉઠાવી વિપુલ ઠકકરની નજર ચૂકવી રૂપિયા ૨ લાખ રોકડા સેરવી લઈ નાસી છૂટયા હતા. આ બનાવ અંગે વિપુલ ઠકકરે ધાનેરા પોલીસ મથકે ફરયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



સીવીલ હોસ્પિટલ સેકટર-૧૨માં પાર્કીંગની મુશ્કેલીઓ હવે દુર થતી લાગે છે. પોલીસનાં બે પોઈન્ટ મુકાતા ઘણો ફેર પડયો છે. તેવી જ રીતે હોસ્પિટલમાં ઠેર ઠેર ગંદકી ન કરવાનાં સૂચનો અને ડસ્ટબીન મુકવામાં આવ્યા છે. તંત્રએ પોતાનું કાર્ય કરી દીધું હવે ‘જાગો પ્રજા જાગો..’ (તસવીર : કશ્યપ નિમાવત)

# પેથાપુર હેલ્થ સેન્ટરમાં મહિલા દિવસની ઉજવણી થઈ

ગાંધીનગર, તા.૬

મહિલા સશકિતકરણ પખવાડિયા ઉજવણીના ભાગરૂપે પેથાપુર અર્બન હેલ્થ સેન્ટર ખાતે મહિલા આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૧૫ થી ૪૫ વર્ષની મહિલાઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા મહિલા સશકિતકરણ પખવાડિયું ઉજવવામાં આવી રહ્યું છે પાટનગરની પડખે આવેલ પેથાપુરમાં અર્બન હેલ્થ સેન્ટર ખાતે મહિલા આરોગ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. ૧૫ થી ૪૫ વર્ષની મહિલાઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. સ્ત્રી રોગ નિષ્ણાત ડૉ.દેવેન્દ્ર ગોસ્વામી દ્વારા સેવા આપવામાં આવી હતી.

તેમજ બેટી વધાવો કાર્યક્રમ પર ફિલ્મ બતાવવામાં આવી હતી. ડાયેરિયા પખવાડિયાના ભાગરૂપે દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા ઓ.આર.એસ. વિશે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ડૉ. હરેશ ત્રિવેદી, પેથાપુર પાલિકા પ્રમુખ સીતાબેન પટેલ, ચીફ ઓફિસર એચ.કે. પટેલ, કારોબારી ચેરમેન રણજીતસિંહ વાઘેલા, ડૉ. અંકિત પટેલ સહિત ૨૦૦ જેટલી મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## પ્રાંતીયાની યુવતીનું સારવાર દરમિયાન મોત

ચિલોડા, તા. ૬

ગાંધીનગર તાલુકાના પ્રાંતીયા ગામે રહેતી ૨૧ વર્ષીય યુવતી તા. ૨૬મી જુલાઈએ ચા બનાવતી વખતે પ્રાયમસની જ્વાળા લાગી જવાથી ગંભીર રીતે દાઝી ગઈ હતી. તેનું સારવાર દરમ્યાન કરૂણ મોત નીપજ્યુંછે. ડભોડા પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ફિલ્ડ આર્ચરી સ્પર્ધામાં બાલવા શાળાનો વિજય

ગાંધીનગર ગ્રામ્ય જિલ્લાકક્ષાની ફિલ્ડ આર્ચરી સ્પર્ધા બાલવા ખાતે યોજાઈ હતી. જેમાં અંડર-૧૯ ગૃપમાં બાલવાની શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનું ગૃપ વિજેતા બન્યું હતું. સ્પર્ધામાં જયમીન વાઘેલા, સાહિલ ચૌધરી, સાવન ચૌધરી, જયદિપ પ્રજાપતિ, જયદિપ ભાટી, વિરલ ચૌધરી, મૈત્રી ચૌધરી, પૂજા ચૌધરી, શિતલ ચૌધરી અને નિલમ ચૌધરીએ ભાગ લીધો હતો.

## કેગમાં પર્દાફાશ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૬ ટકા શેરફાળો રાજ્ય સરકારનો નક્કી થયો હતો. રાજ્ય સરકારનો ૨૬ ટકાનો આ શેરફાળો ઘટાડીને ૧૧ ટકા કવરામાં આવ્યો. પરંતુ એપીએલ અને જીએપીએલ વચ્ચેના કરારોમાં શેરોની કિંમત અને મુડીફાળો એ રીતે ગોઠવીને દરખાસ્ત કરી, જેથી રાજ્ય સરકારનું ફન્ડીંગ ૧૧ ટકાથી ઘટીને ૮.૫૫ ટકા થઈ જાય. રાજ્ય સરકારનું શેરહોલ્ડીંગ ૮.૫૫ ટકા થઈ જાય તો ચેરમેનશીપ રાજ્ય સરકારની મટી જાય અને ચેરમેનપદ એ કંપનીને ફાળે આવે અને આખું બંદર ખાનગી થઈ જાય. હાઈકોર્ટમાં જ્યારે આ સ્કીમ રજુ થઈ ત્યારે ઉહાપોહ થતાં રાજ્ય સરકારે કંપની દ્વારા રજુ થયેલ આ સ્કીમની મંજુરી સામે નાટકીય વાંધો લીધો અને પછી એ વાંધો પાછો ખેંચી લીધો. પરિણામે હાઈકોર્ટે આ સ્કીમ મંજુર કરી અને માત્ર રૂા. ૧૯૭ કરોડના ડિફરન્સથી આખું બંદર સંયુક્ત ક્ષેત્રમાંથી ખાનગી ક્ષેત્રમાં ફેરવાઈ ગયું. હવે જો ખાનગી માલિકીનું બંદર અને તો ટ્રાન્સફરન્સીની પ્રોસીજર ફોલો કરવી જોઈએ અને રોકાણકારો પાસેથી જાહેર નિવિદાઓ કરી ખાનગી બંદરો માટે ટેન્ડરો મંગાવવા જોઈએ. આ પૈકીનું કંઈ કર્યા વગર ટ્રાન્સફરન્સીની પ્રોસીજરને બાજુએ મુકી મુન્દ્રા બંદર આખુ અદાણીને ચરણે મોદી સરકારે ધર્યું. એની સીમા નક્કી કરવાની વાત આવી ત્યારે નીતિ-નિયમોને બાજુએ મુકીને મુદા બંદરની સીમા અદાણી કહે તે પ્રમાણે અને તેની શરતોએ વધારી આપવામાં આવી. ઈતિહાસનો આ એક અજોડ અને અદ્વિતીય દાખલો છે, જે રાજ્યની સરહદો પણ વ્યક્તિના આર્થિક હિતને સરન્ડર કરાતી હોય. ૪,૫૧૩ એકર જમીન ફાળવી અપાઈ હોવા છતાં સપ્ટેમ્બર, ૨૦૧૩ સુધી જમીની મુલ્યાંકન અને સમિતિએ જમીનની કિંમત નક્કી કરી શકી નથી અથવા તો સરકારની જમીનની કિંમત નક્કી કરવાની ઈચ્છા નથી અને જમીનનો કબજો આપી દેવામાં આવ્યો છે. મુન્દ્રા બંદરનો વિકાસ બે તબક્કામાં કરવાનો હતો. પહેલા તબક્કામાં ૮૧૫ મીટરની લંબાઈવાળા ચાર વહાણને લાંગરવા માટેનું ટર્મિનલ વિકસાવવાનું હતું અનેં બદરની મર્યાદાઓ જે મૂળ નક્કી થઈ હતી તે મુજબની રહી હતી. બીજા તબક્કામાં બંદરના વિકાસ માટે ત્રણ SBM (Sunthetic Based Mud) બાંધકામ માટે વધારાની જમીનની જરૂર હોવાના બહાના નીચે મુન્દ્રા બંદરની જાહેર થયેલ સરહદો પણ અદાણીને વધારીને કંપનીને સોંપી અપાઈ. રાજ્ય સરકારે એક જ દિવસમાં મુન્દ્રા બંદરને આ મર્યાદા વધારી આપી હતી. સહી વગરના પુરક કન્સેશન કરારથી આખા દુનિયા હજુ સુધી ચાલી રહી છે, આ આશ્ચર્યજનક બાબત છે. અનેકવિધ મુદ્દાઓમાં જે લખવા જેવું એક પુસ્તક થાય એટલી બધી મુન્દ્રા બંદર પરની અનિયમિતતાઓને રાજ્ય સરકારે એક ચિઠ્ઠીના ચાકર તરીકે શિરોધાર્ય કરી, એવા દાખલાઓની ઈતિહાસમાં જોટો જડે તેમ નથી.

# કલોલમાં વરસાદી પાણીના નિકાલ માટે પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવા કલેકટરની સૂચના

ગાંધીનગર, તા.૬

કલોલ પંથકમાં થયેલા ભારે વરસાદને કારણે પાણી નિકાલની કાયમી વ્યવસ્થા ઉભી કરવા માટે સંબંધિત વિભાગોને સુયોગ્ય રીતે સંકલનમાં સાધી એક વિસ્તૃત પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરવા જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે જણાવ્યું છે.

ગઈ કાલે કલોલ ખાતે તેમણે અધિકારીઓની યોજેલી સમીક્ષા બેઠકમાં વરસાદી પાણીના અસરકારક નિકાલ માટેની કાર્યયોજના તૈયાર કરવા માટે જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે કાંસની સફાઈ એ જ માત્ર વિકલ્પ નથી તેમજ પાણીનો ઝડપી નિકાલ થાય તે પણ જરુરી છે. તેમણે જણાવ્યું હતું કે આ માટે ભૂગર્ભ ગટર વ્યવસ્થાનું માળખુ આધુનિક અને સુદઢ બનાવવું જોઈએ.

જિલ્લા કલેકટરશ્રીએ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં જે પાણી ભરાઈ રહે છે તે સ્થળોની પણ મુલાકાત લીધી હતી.

તેમણે અધિકારીઓને જણાવ્યું હતું કે બધા વિભાગો સિંચાઈ, ગટર, માર્ગ-મકાન એક સુયોગ્ય સંકલન સાથેનો પ્રોજેકટ રિપોર્ટ તૈયાર કરે. આ આખોય પ્રોજેકટ તૈયાર કરવામાં નગરપાલિકા પણ સહયોગ આપે જેથી તેનું અસરકારક અમલીકરણ થઈ શકે. જિલ્લા કલેકટરશ્રીએ તાલુકાના જે ગામોમાં પાણીનો ભરાવો થયો હતો તે સ્થળોની પણ ઉડતી મુલાકાત લીધી હતી.

આ બેઠકમાં પ્રાંત અધિકારીશ્રી કાસરિયા, ડીવાયએસપી, મામલતદાર, ચીફ ઓફિસર નગરપાલિકા તેમજ સંબંધિત વિભાગોના કાર્યપાલક ઈજનેરો અને તકનીકી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



**પોલીસના હાથે રક્ષાની રાખડી**

ચિલોડા અને ડભોડા ખાતે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિદ્યાલયની બહેનો દ્વારા પોલીસકર્મીઓને રાખડી બાંધવામાં આવી હતી. બ્રહ્માકુમારી પ્રિતિબેન તેમજ મીરાબેને ચિલોડા પોલીસમથકના પીઆઈ કે.એન. પ્રિયદર્શીના હાથે રાખડી બાંધી સત્કર્મ માટે પ્રતિબદ્ધતા કેળવવા શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝે માનવીય સદ્‌ગૃહો પ્રત્યે જાગૃતતા કેળવવા પોલીસકર્મીઓને અનુરોધ કર્યો હતો. (નટુભાઈ પટેલ, ચિલોડા

### મુખ્યમંત્રી આજે અમદાવાદ જિલ્લાના બાવળાની મૂલાકાતે

# ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનની ગામા રેડિએશન -નેસેસિંગ સુવિધાનું લોકાર્પણ કરશે

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ગુરૂવાર તા. ૭ ઓગસ્ટ-૨૦૧૪ના સવારે બાવળા-બગોદરા હાઈવે પર રામનગર ગામ પાસે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનની ગામા રેડીએશન -નેસેસિંગ સુવિધાનું લોકાર્પણ કરશે.

રાજય સરકારના સાહસ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ દ્વારા એગ્રો અને -નેસેસ્ડ ફૂડ -નેડકટસના ઈરેડીએશન માટેની આ બહુહેતુક સુવિધાને ભારત સરકારના એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ દ્વારા વાણિજય -વૃતિની મંજૂરી પણ મળેલી છે.

આ સુવિધાના લોકાર્પણ અવસરે કૃષિમંત્રીશ્રી બાબુભાઈ બોખિરીયા, શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયમંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલ તેમજ અન્ય અગ્રણીઓ ઉપસથિત રહેવાના છે.

# ચૌધરી કન્યા વિદ્યાલયમાં પુસ્તક પ્રદર્શન

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે વાંચન પર્વ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ગત ૪ ઓગષ્ટથી ૯ ઓગષ્ટ સુધી પર્વ મનાવવામાં આવશે.

શાળાના ગ્રંથાલયમાં વાંચન પર્વ નિમિત્તે પુસ્તક પ્રદર્શન યોજવામાં આવ્યું છે. જેમાં બાળગીતો, બાળવાર્તા, નવલિકા, નવલકથા, આધ્યાત્મિક, ઐતિહાસિક, જનરલ નોલેજ, વ્યકિતત્વ વિકાસ, ગુજરાતી સાહિત્ય સાહિત્યના પુસ્તકો પ્રદર્શનમાં મુકવામાં આવ્યા છે. શાળામાં વાચન પર્વ અંતર્ગત વાર્તા સ્પર્ધા, નિબંધ લેખન, વકતૃત્વ, રંગપુરણી, ચિત્ર અને રંગોળી સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર આયોજન ગ્રંથપાલ નીલાબેન ચૌધરીએ કર્યું છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

## સત્તા સંભાળશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રમુખ શ્રી નીતિન પટેલ અને વિવિધ હોદ્દેદારો દ્વારા આ નવા સાથીઓનું સ્વાગત અને સત્કાર થશે. ત્યારબાદ પક્ષના પ્રાથમિક સભ્ય તરીકેની નોંધણી થશે.


જિલ્લા પંચાયત સંકુલમાં પણ સ્વાગત માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. તેઓ બરાબર ૧૨.૩૯ મિનિટે ભાજપના પ્રમુખ તરીકે પ્રમુખ કાર્યાલયમાં પ્રવેશ કરી અને સ્થાન ગ્રહણ કરશે.

આ પ્રવેશ-સત્કાર સમારોહને લઈ ભાજપના કાર્યકરોમાં ઉત્સાહનુંવાતાવરણ જોવા મળી રહ્યુંછે. ગાંધીનગર જિલ્લા પંચાયત સંકુલ નજીક આતશબાજીનુંઆયોજન કરવામાં આવ્યુંછે. આ પ્રસંગે જિલ્લા અને શહેર ભાજપના આગેવાનો-કાઉન્સીલરો અને પંચાયતીરાજના અગ્રણીઓ ઉપસ્થિત રહેનાર છે.

# પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામની દૂધ ઉત્પાદ સહકારી મંડળીના ચેરમેનપદે નટવરભાઈ પટેલ બિનહરીફ

પ્રાંતિજ, તા. ૬

પ્રાંતિજ તાલુકાના નનાનપુર ગામની દૂધ



ઉત્પાદક સહકારી મંડળીની કારોબારી સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં સામાજિક કાર્યકર નટવરભાઇ પટેલની ચેરમેન પદે બિન હરિફ વરણી કરવામાં આવી હતી. જ્યારે વાઇસ ચેરમેન તરીકે અગ્રણી કૈલાસબેનની પણ બિન હરિફ વરણી કરવામાં આવી છે.

## કદર છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અશક્તતા ધરાવતા બાળકો માટે શિક્ષણ આપતી ૧૧ સંસ્થાઓને પાંચ-પાંચ કોમ્પ્યુટર્સ લેખે રૂ. ૨૦.૬૮ લાખના પુરસ્કાર એનાયત કરાયા હતા.

આજના કાર્યક્રમમાં નિધિની ત્રણ યોજના અંતર્ગત રૂ. ૯૨ લાખ કરતા વધુ રકમના પુરસ્કાર લાભાર્થીઓને અર્પણ કરાયા હતા. આ રીતે વર્ષ ૨૦૧૩-૧૪ના એક જ વર્ષમાં પ્રથમ તબક્કામાં રૂ. ૩,૬૦,૫૩,૬૪૮ તથા આજના બીજા તબક્કામાં રૂ. ૯૨,૮૫,૫૯૧ સાથે આ વર્ષે કુલ રૂ. ૪,૫૩,૩૯,૨૩૯ની રકમના વિક્રમજનક પુરસ્કારોની ચુકવણી કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધીમાં કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત ૫૫૮૭૧ લાભાર્થીઓને કુલ રૂ. ૨૫ કરોડની રકમ-પુરસ્કાર ચૂકવાયેલ છે.

શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, આ પ્રકારના પુરસ્કાર દ્વારા રાજ્ય સરકારે કન્યા કેળવણીની કદર કરી છે, મદદ નથી કરી. કન્યા કેળવણી માટે પૂર્વ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ચિંતા, ચિંતન અને તેમની દૃષ્ટિએ આ યોજનાના કેન્દ્રમાં લેખાવી શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે, વિકાસનું માધ્યમ માત્રને માત્ર શિક્ષણ અને કન્યા કેળવણી જ છે. એક દાયકા પહેલા શાળાઓમાં માત્ર ૭૫ ટકા જ નામાંકન થતું, ૨૫ ટકા બાળકોના ભવિષ્યનું શું ? આ ચિંતાજનક સ્થિતિનો ઉકેલ લાવવા, કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સંવેદના દાખવી જે યોજના અમલી બનાવી તેના આજે ખૂબ જ પ્રોત્સાહક પરિણામ મળ્યા છે. દિકરીના શિક્ષણમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. ૩૭ ટકા દિકરા-દીકરી શાળા છોડી જતા રહેતા તે પ્રમાણ આજે ૨ ટકાએ આવ્યું છે.

કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૩ સુધીના વર્ષોમાં કુલ ૫૧૦૮૨ લાભાર્થી કન્યાઓને પુરસ્કૃત કરાઈ છે. વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રથમ તબક્કામાં યોજના-૧ માં મેડિકલ/ઈજનેરીમાં દાખલ થયેલ ૨૦૭ વિદ્યાર્થીઓને લેપટોપ, યોજના-૩માં સ્પિપામાં આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ. માટે પ્રવેશ લેનાર ૧૩ વિદ્યાર્થીઓને રૂ. ૨૫ હજારની સહાય યોજના ૪-૫-૬ માં એસ.એસ.સી./એચ.એસ.સી.માં દરેક તાલુકામાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીનીઓને ૩૪૪૫ ટેબલેટસ યોજના-૭માં કુલ ૨૫૮ વિદ્યાર્થીનીઓને રૂ. ૧૦ હજારની આર્થિક સહાય, યોજના-૮માં ૩૩ વિદ્યાર્થીનીઓને રૂ. ૧૫-૧૫ હજાર, યોજના-૯માં ૧૧૩ કન્યા રમતવીરોને રૂ. ૧૦ હજારથી રૂ. ૫ લાખની સહાય સાથે કુલ ૪૧૬૯ લાભાર્થી કન્યાઓને કુલ રૂ. ૩,૬૦,૫૩,૬૪૮ની આર્થિક સહાય ચુકવાઈ હતી.